અપીલ અરજી નં.૧૪૮ તા.૩૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મયુરીબેન શૈલેષભાઈ નાયક
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મયુરીબેન શૈલેષભાઈ નાયકની તા.૧૫–૪–૧૧ની અરજીથી ગામ ઉધના સર્વે નં.૧૩૬/૧ ની મિલ્કત પ્રોપર્ટી કાર્ડની નકલ, ૭/૧૨ ની નકલ ૮/– ની નકલ ચતુરદિશાના નકશા તથા મિલ્કતધારકો માલીકોના નામ, તેમજ બાંધકામની પરમીશન વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૮/૨૦૧૧–૧૨

શ્રી મયુરીબેન શૈલેષભાઈ નાયકની તા.૧૫–૪–૧૧ની અરજીથી ગામ ઉધના સર્વે નં.૧૩૬/૧ ની મિલ્કત પ્રોપર્ટી કાર્ડની નકલ, ૭/૧૨ ની નકલ ૮/– ની નકલ ચર્તુરદિશાના નકશા તથા મિલ્કતધારકો માલીકોના નામ, તેમજ બાંધકામની પરમીશન વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્રનં. સા.ઝોન/અકણ (આર.ટી.આઈ.)/ ૨૭૮ તા.૩૧–૫–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ત્રાહિત સાથે કરેલ પત્રવ્યવહાર તેમજ લીધેલ નિર્ણયની વિગત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૩૭ તા.૬–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ત્રાહિતના વાંધા સામે જાહેર હિત અગત્યનું હોવાનું આરટી આઈ હેઠળ પ્રસ્થાપિત કરતા આધાર હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૫૦૪ તા.૨૦–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સર્ટીફીકેટ ઓફ સ્ટેમ્પ ડયુટીની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતને આપેલી નોટીસ અંગેન । પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૫૯ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, જીતેન્દ્ર લલ્લુભાઈ દેસાઈ તરફથી માહિતી આપવા અંગે વાંધા અંગેની તા.૧૨–૫–૧૧ ના પત્રની નકલ, માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લેવાયેલ નિર્ણય બાબતે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૨૭૮ તા.૩૧–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૫–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં તા.૩૦–૬–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીને તેમના વકીલે પાઠવેલ નોટીસ પત્રની નકલ તથા જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણયની નકલ, ઉધનાગામના નમુના ૭/૧૨ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારના વકીલે તા.૭–૫–૧૧ ના રોજ દિપક એન. પ્રજાપતિને લખેલ પત્રની નકલ તથા દિપક એન. પ્રજાપતિએ કમિ.શ્રી સુરત મહાનગરપાલિકા, મામલતદાર, સબરજીસ્ટ્રાર ઉધના, અને જીતેન્દ્રભાઈ બલ્લુભાઈ દેસાઈને તથા દિપકભાઈ એન. પ્રજાપતિ એડવોકેટને તા.૧૧–૪–૧૧ ના રોજ પાઠવેલ નોટીસની નકલ, હસમુખભાઈ આર. કટારીયાનો તા.૧૬–૪–૧૧ ના દૈનિક વર્તમાન " દિવ્ય ભાસ્કર" તા.૧૧–૪–૧૧ ના પત્રમાં જાહેર નોટીસનો જાહેર ખુલાસાની નકલ, દિપક એન. પ્રજાપતિએ તા.૬–૪–૧૧ ના રોજ દિવ્ય ભાસ્કર દૈનિક પત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસની નકલ તથા હસમુખ આર કટારીયાની સદર નોટીસ બાબતેની જાહેર નોટીસનો જાહેર ખુલાસો પ્રધ્ધિધ કર્યા અંગેના દૈનિક પત્રની નકલ, ધીરૂભાઈ મણીભાઈ દેસાઈ તા.૧૭–૩–૧૧ ના રોજ આકારણી અધિકારીને પાઠવેલ પત્રની નકલ, રણછોડલાલ અંબેલાલ નાયકના ૧૯૭૩ ના કરારની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૫–૪–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી કમિ.શ્રી ને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. મધ્યસ્થ કચેરી ખાતે તા.૧૫–૪–૧૧ ના રોજ કરવામાં આવેલ. જે તા.૧૮–૪–૧૧ ના રોજ ઉધનાઝોન ખાતે મળેલ. જે બાબતે ઉધનાઝોનો તરફથી આકારણી દફતરે નામ ધારણ કરનાર ત્રાહિત વ્યકિતને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૧૫૯ તા.૭–૫–૧૧ થી કલમ–૧૧ હેઠળ નોટીસ પાઠવી વાંધા બાબતે અભિપ્રાય માંગવામાં આવેલ. જે અંગે ત્રાહિત વ્યકિત તરફથી જીતેન્દ્ર લલ્લુભાઈ દેસાઈ તરફથી તા.૧૨–૫–૧૧ ના રોજ નાણાકીય બદલો નહીં મળી શકે તેવા પ્રકારનું નુકશાન થવાનું અને સદરહુ મિલ્કત બાબતે દિવાની અદાલતમાં કોર્ટ પ્રકારણ ચાલી રહેલ છે તેમજ અરજદારનો તેમાં કોઈ પણ પ્રકારનું હિત લાગતું નથી અને અદેખાઈથી મજકુર મિલ્કતની માહિતી માંગેલ છે. તેથી અમારી મિલ્કતની કોઈ પણ માહિતી આપવા અંગે સખત વાંધો લઈએ છીએ. અને મજકુર મિલ્કતની માહિતી નહીં આપવી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૭૮ તા.૩૧–૫–૧૧ થી અરજદારને " ત્રાહિત પક્ષકાર શ્રી લીલાવતીબેન બલ્લુભાઈ દેસાઈ તથા જીતેન્દ્રભાઈ બલ્લુભાઈ દેસાઈએ માહિતી/નકલો આપવા અંગે વાંધો ઉઠાવી કે ન આપવા જણાવેલ છે જે આરટીઆઈ એકટની કલમ–૧૧(૨)

હેઠળ નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ત્રાહિત વ્યકિતની માહિતીના ઈન્કાર બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અને માહિતી અપાવવા અને કલમ–૧૧ (૨) હેઠળ કાયદેસરનો ભંગ કરેલ છે. અને મુદત બાદ ખોટો જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ ૧૧(૨) હેઠળ જાહેર માહિતી અધિકારીને તેવી કાર્યવાહી કરી નિર્ણય લેવાની સત્તા છે તેથી તેમાં કોઈ આરટીઆઈનો ભંગ નથી. પરંતુ ત્રાહિત વ્યકિતને લગતી માહિતી દિન–૪૦ માં પૂરી પાડવાની હોય છે જે દિન–૭ ના વિલંબથી જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં નકલો પૂરતો તેમનો નિર્ણય યોગ્ય ગણી શકાય. અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે ફી ભર્યાની વિગત તેમજ નારાજગી અને ત્રાહિતના વાંધા સામે જાહેર હિત અગત્ય હોવાનું આરટીઆઈ હેઠળ પ્રસ્થાપિત કરવામાં સફળ રહેલ નથી. પરંતુ અરજદારને જાહેર સ્ત્રોત હેઠળ આવતી માહિતી જેવી કે મુદ્દા નં.૨ માં દફતરી માલીકીનો નામ ચઢાવવાના પુરાવાના આધાર તથા મુદ્દા નં.૩ મા ં બાંધકામ બાબતેની પરમીશન અને તેની સાથે રજૂઆત કરેલ આધારની વિગત તેમજ મુદ્દા નં.૪ માં કયા આધારે નામ દાખલ કરેલ છે તેવી વિગતો અરજદારને પૂરી પાડવાની રહે. આમ અરજદારે રજૂ કરેલ પુરાવાઓ જોતાં અરજદાર અને ત્રાહિત પક્ષકાર અંગે માલીકી હકના તકરારને લગતી બાબત છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અંગે કોઈ માહિતી આપ્યાનું કે તબદીલ કર્યાનું જણાતું નથી. અપીલ તબકકે પૂરક વિગતોમાં પણ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૫/૪/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ માં દફતરી માલીકોના નામ મુદ્દા નં.૩ માં બાંધકામે લગતી પરમીશન બાબતેની માહિતી તેમજ મુદ્દા નં.૪માં " કયા પુરાવાના આધારે નામ દાખલ થયું " તેની વિગત કે માહિતી પૂરી પાડેલ નથી. કલમ–૧૧ ની પ્રક્રિયાને અનુલક્ષી કરેલ કાર્યવાહીને ધ્યાને લઈ નકલ સિવાય માત્ર તેટલી દફતરી વિગત કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા તથા મુદ્દા નં.૧ અંગે તેમના કાર્યક્ષેત્રમાં માહિતી આવતી હોય તો પૂરી પાડવા અન્યથા લાગત જાહેર સત્તા મંડળને દિન–૫ માં તબદીલ કરી તેની જાણ અત્રે પણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે ત્રાહિત પક્ષકારને લગતી દસ્તાવેજી પુરાવાની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારની રજુઆતને અનુલક્ષી લીધેલ નિર્ણય તેમજ અરજદાર જાહેર હિત રજુ કરવામાં સફળ રહેલ ન હોય જાહેર માહિતી અધિકારી ઉધનાઝોને આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) હેઠળ લીધેલ નિર્ણય ગ્રાહય રાખી નકલો પૂરતી અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર તકરાર નિવારણને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મયુરીબેન શૈલેષભાઈ નાયક